# Visit of H.E. Mohammad Haneef Atmar, Foreign Minister of the Islamic Republic of Afghanistan to India (March 22-23, 2021)

March 24, 2021

---

# ઇસ્લામિક રિપબ્લિક ઓફ અફઘાનિસ્તાનના વિદેશમંત્રી મહામહિમ મોહમ્મદ હનીફ અત્મારની ભારત મુલાકાત (માર્ચ 22-23, 2021)

માર્ચ 24, 2021

1. ઇસ્લામિક રિપબ્લિક ઓફ અફઘાનિસ્તાનના વિદેશમંત્રી મહામહિમ મોહમ્મદ હનીફ અત્મારે માર્ચ 22-23, 2021 દરમિયાન નવી દિલ્હીની સત્તાવાર મુલાકાત સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. તેમની સાથે અફઘાનિસ્તાનના વિદેશ મંત્રાલયનું એક વરિષ્ઠ પ્રતિનિધિમંડળ પણ જોડાયું હતું. હાલનો પદભાર સંભાળ્યા બાદ મહામહિમ હનીફ અત્મારની આ પ્રથમ ભારતયાત્રા હતી.

2. વિદેશમંત્રી ડો. એસ. જયશંકર અને મહામહિમ હનીફ અત્મારે 22 માર્ચે ડેલિગેશન સ્તરની મંત્રણા કરી હતી. હુંફાળા અને મૈત્રીપૂર્ણ વાતાવરણમાં આ મંત્રણા થઈ હતી, જેમાં વિસ્તૃત અને તંદુરસ્ત રીતે વિચારોનું આદાનપ્રદાન કરવામાં આવ્યું હતું. આ મંત્રણામાં ભારત-અફઘાનિસ્તાન વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી મજબૂત બનાવવા પર ભાર મૂકાયો હતો, ખાસ કરીને રાજકીય, સુરક્ષા, વ્યાપાર, આર્થિક, ક્ષમતા વિકાસ, શિક્ષણ, સામાજિક અને સાંસ્કૃતિક બાબતોના ક્ષેત્રમાં સહકાર પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. ઇએએમ અને અફઘાનિસ્તાનના વિદેશમંત્રીએ ભારત-અફઘાનિસ્તાન વ્યૂહાત્મક ભાગીદારી કરાર હેઠળ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ કાઉન્સિલ (એસપીસી)નું અધ્યક્ષપદ સંભાળ્યું હતું.

3. ઇએએમે એ બાબત પર ભાર મૂક્યો હતો કે અફઘાનિસ્તાનમાં કાયમી શાંતિ સ્થપાય તે આ પ્રદેશ અને વિશ્વની શાંતિ, સુરક્ષા અને પ્રગતિ માટે મહત્ત્વપૂર્ણ છે. ઇએએમે સફળ અફઘાન શાંતિ પ્રક્રિયા માટે સંપૂર્ણ અને કાયમી યુદ્ધવિરામના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. આ મુલાકાત દરમિયાન અનેક મુદ્દે વાતચીત થઈ હતી જેમાં અફઘાનિસ્તાન સાથે ભારતની વિકાસ ભાગીદારી, આ પ્રદેશ તથા વિશ્વમાં પરસ્પર હિતના મુદ્દા અને અફઘાન શાંતિ પ્રયાસના મુદ્દા સામેલ હતા. ઈએએમે અફઘાનિસ્તાનના વિદેશમંત્રીને ખાતરી આપી હતી કે શાંતિપૂર્ણ, સ્વતંત્ર, સ્થિર અને સમગ્રલક્ષી અફઘાનિસ્તાન પ્રત્યે ભારત લાંબા ગાળાની પ્રતિબદ્ધતા ધરાવે છે જ્યાં

સમાજના દરેક વર્ગના અધિકારોનું રક્ષણ કરવામાં આવે અને તેમને લોકતાંત્રિક બંધારણીય માળખા હેઠળ રક્ષણ મળે.

4. તાજેતરમાં 9 ફેબ્રુઆરીએ વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ ઘાનીની હાજરીમાં ઇએએમ અને વિદેશ મંત્રી અત્મારે શાતૂત ડેમના નિર્માણ માટે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા, જેનાથી કાબૂલ શહેરને પીવાનું પાણી પહોંચાડવામાં આવશે. મહામહિમ હનીફ અત્મારે 3 અબજ યુએસ ડોલરના વિકાસ સહકાર તથા પ્રોજેક્ટના અમલીકરણ માટે ભારતનો આભાર માન્યો હતો જેનાથી અફઘાનિસ્તાનના 34 પ્રાંતોને લાભ થયો છે.

5. મહામહિમ હનીફ અત્માર આ મુલાકાત દરમિયાન એનએસએ શ્રી અજિત દોવલને પણ મળ્યા હતા.

**નવી દિલ્હી**
**માર્ચ 24, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.